**<u>( સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો )</u>**
**અમદાવાદના મહે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની કોર્ટ નં. ૭,સમક્ષ**

આંક :–

(અ). કેસનો અનુક્રમ નંબર :–

(બ). ગુન્હો બન્યાની તારીખ :–

(ક). ફરીયાદીનું નામ :– ધી સ્ટેટ ઓફ ગુજરાત

(ડ). આરોપીઓના નામ અને સરનામું. :–

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ. :– એમ.વી.એકટ.કલમ– ૨૭૯, ૩૩૭ મુજબ.

(ફ). આરોપીનો જવાબ અને તપાસણી :–

સવાલ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ– મને ગુનો કબુલ છે.

.............................................
આરોપીની સહી

મારી રૂબરૂ,

તા.
અમદાવાદ.

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭, અમદાવાદ.

(૧). આ કામમાં પો.સ્ટેશન દ્વારા આરોપી વિરુધ્ધ એમ.વી.એકટ કલમ :૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટ કલમ:૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી આજરોજ હાજર રહેલા છે અને તેઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમવર્ગના માણસ છે અને તેઓને દર મુદતે કોર્ટ સમક્ષ હાજર રહે તો ખુબજ આર્થિક નુકશાન થાય તેમ છે તેમ જણાવે છે તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય હળવી સજા કરવા જણાવેલ છે. રેકર્ડ ધ્યાને લેતા, ફરીયાદી મરણ ગયેલ છે અન્ય સાહેદ જણાવેલ સરનામે રહેતા નથી. આરોપી અંત્યત ગરીબ હોવાની રજુઆત ધ્યાને લીધી.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં, દંડરુપી હળવી સજા કરવી ન્યાયોચિત ગણી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

## હુ ક મ

ક્રિ.પ્રો. કોડ કલમ:–૨૫૨ અન્વયે આરોપીને એમ.વી. એકટ કલમ :૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટ કલમ: ૧૭૭, ૧૮૪ મુજબના ગુના માટે કસુરવાર ઠરાવી એકત્રીતપણે તમામ ગુના માટે કોર્ટ ઉઠતા સુધીની સજા તથા કુલ રુ. ૧૦૦૦/ અંકે રૂપીયા એક હજાર પુરા દંડ ભરવા હુકમ કરૂ છું. દંડ ન ભરે તો દિન–૩ની સાદી કેદની સજા ભોગવવી. આરોપીની કબુલાત અંગે એમ.વી.એકટ કલમ: ૨૧૦ મુજબ જે તે આર.ટી.ઓ. કચેરીને જાણ કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

(આર. બી. સોલંકી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૭, અમદાવાદ.
કોડ નં.GJ01009

તા. ૦૮/૧૨/૨૦૧૮.